## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સર, કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે પેશન્ટથી ડીસ્ટન્સ રાખીને ઈન્જેક્શન લગાવવાનો ઉપાય શોધી લીધો છે....!!!



ગાંધીનગરની ઓળખ સમા પુનિતવનનુ રીનોવેશન કાર્ય હાલમાં ચાલી રહ્યુ છે. પુનિતવનની સુવિધાઓને વધુ આકર્ષક બનાવવામાં આવી રહી છે. રસ્તાઓનું નવીનીકરણ કરી પુનિતવનને નવો ઓપ આપવામાં આવી રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- પેથાપુર મહુડી હાઈવે પર ગ્રામભારતી ચોકડી પાસે આજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક યુવકનું મોત થયુ છે.
- દહેગામાં ગઠીયા બેખોફ બન્યા છે. આજે ધોળા દિવસે ગાડીના કાચ તોડી પર્સની ચોરીનો બનાવ બન્યો.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવો ઊંચકાતા ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં એમીડોમીયોલોજીસ્ટ તરીકે ફરજો બજાવતા ગુલજાર નાયકનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સત્તાધારી ભાજપના સભ્યો અને અધિકારીઓ વચ્ચે આજે બેઠક યોજાઈ હતી.
- મનપામાં ૨૦ થી વધુ કર્મચારીઓ સંક્રમિત થયા છે.
- જિલ્લામાં કમુરતા પુરા થતાં લગ્નસરાની મોસમ જામી છે.
- ગુજરાત ટેકનોલોજી યુનિ.એ તેની પરીક્ષાઓ મોકુફ રાખવાનો નિર્ણય કર્યો છે.
- રાજ્યભરમાં તોલમાપના અધિકારીઓએ મેડીકલ સ્ટોર્સ પર તપાસ હાથ ધરી અને ૪૦ જેટલી દુકાનોના સંચાલકો પાસેથી પાંચ લાખ રૂ.નો દંડ વસુલ્યો છે.

# આલમપુર ગ્રામ પંચાયતની ઉપસરપંચની ચૂંટણીમાં સૌ પ્રથમ મહિલા બિનહરીફ વિજેતા જાહેર થયાં

ચિલોડા, તા. ૨૦

આલમપુર ગામમાં ગ્રામ પંચાયતના ઉપ સરપંચની ચૂંટણીપ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં મહિલા સભ્ય એવા હરખાબેન નરેશજી સોલંકીને



બિનહરીફ વિજેતા જાહેર કરાયા હતા. અન્ય ચૂંટાયેલા તમામ સદસ્યોએ તેમને સમર્થન જાહેર કરતા તેમની સામે અન્ય કોઈ સદસ્યએ ઉપસરપંચ માટેની ઉમેદવારી નોંધાવી ન હતી. તેમની ઉપસરપંચપદે બિન હરીફ વરણી કરવામાં આવી હતી.

તાજેતરમાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. સરપંચ અને સભ્યોના પરિણામ ૨૧મી ડિસેમ્બરે જાહેર કરી દેવાયા હતા જે બાદ વિવિધ ગ્રામ પંચાયતોમાં ઉપસરપંચ માટેની ચૂંટણી યોજાઈ હતી જેમાં આલમપુર ગ્રામ પંચાયતના ઉપસરપંચની ચૂંટણી અધ્યાસી અધિકારી વી.એ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમાં ચૂંટાયેલા સરપંચ સદસ્યો તેમજ તલાટી કમ મંત્રી ઉપસ્થિતમાં હરખાબેનને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. ઉપસરપંચ પદે વિજેતા થનાર બિનહરીફ ઉપસરપંચપદે સૌ પ્રથમ મહિલાની ઐતિહાસિક જીત છે. ૨૧મે ૧૯૫૮ના રોજ આલમપુર ગ્રામ પંચાયતની સ્થાપના થઈ હતી ત્યારથી લઈને આજ સુધી ઉપસરપંચ માટે કોઈ મહિલા બિનહરીફ વિજેતા જાહેર થયા નહોતા. આ રીતે આજે ભવ્ય રીતે મળેલ સદસ્યોના સમર્થન માટે તેમણે સર્વેનો આભાર માન્યો હતો. ગામના વિકાસ માટે હંમેશા તત્પર રહેવા પણ જણાવ્યુ હતુ.

# ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વચ્છતા રેન્કીંગ સ્પર્ધાના વિજેતાઓનું અભિવાદન



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ- ૨૦૨૨માં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરે તે માટે 'સ્વચ્છ ગાંધીનગર' ના સુત્ર સાથે યોજાયેલ સ્વચ્છતા રેક્િંગ સ્પર્ધા અને સ્વચ્છતા સ્પર્ધા અંતર્ગત થયેલ વિવિધ કોમ્પિટીશનમાં વિજેતા બનેલ સંસ્થાઓ અને સ્પર્ધકોને મહાનગરપાલિકાના મેયર હિતેશ મકવાણાના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા સ્વચ્છ સર્વેક્ષણ- ૨૦૨૨માં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરે તે માટે "સ્વચ્છ ગાંધીનગર"ના સુત્ર સાથે શહેરની શાળાઓ, હોટેલ્સ, હોસ્પિટલ્સ, સરકારી કચેરીઓ, રેસિડેન્સીયલ સોસાયટીઓ, માર્કેટ/શોપિંગ કોમ્પ્લેક્ષ વગેરે કેટેગરી માટે ઓનલાઈન ફોર્મ સબમીશન દ્વારા સ્વચ્છતા રેક્િંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ જેટલી સંસ્થાઓ દ્વારા સ્વચ્છતા રેંકિંગમાં ભાગ લેવામાં આવ્યો હતો. જેમાંથી સ્વચ્છતાના માપદંડોનાં આધારે તમામ કેટેગરીમાં ત્રણ શ્રેષ્ઠ સંસ્થાઓની પસંદગી કરવામાં આવી હતી. પસંદગી પામેલ સંસ્થાઓને આજરોજ સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા.

ગાંધીનગર મહાનગરપાલિકા સ્વચ્છ સર્વેક્ષણ- ૨૦૨૨માં ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરે તે માટે "સ્વચ્છ ગાંધીનગર"ના સુત્ર સાથે મહાનગરપાલિકા દ્વારા સમગ્ર મહાનગરપાલિકા વિસ્તારના બાળકો, યુવાઓ, વડિલો અને સંસ્થાઓને જોડવા માટે પોસ્ટર, ડ્રોઈંગ, મુવી મેકિંગ, જીંગલ મેકિંગ અને સ્ટ્રીટ પ્લે કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી કમલમ્ ખાતેથી ૫૭૯ મંડળ પર ઐતિહાસિક બેઠકનો પાટીલે પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર, તા. ૨૦

આજે રાજ્યભરમાં એક સાથે ૫૭૯ સ્થળ પર મંડળ દિઠ બેઠકનો પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતેથી પ્રદેશના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા અને રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. કોરોનાની ગાઈડલાઈનના ચૂસ્ત પાલન સાથે ૫૭૯ બેઠકમાં અલગ અલગ સ્થળોએ ૧૦૦થી વધુ કાર્યકરોની સંખ્યામાં ઐતિહાસિક બેઠક યોજાઈ હતી જેમાં કુલ આશરે ૪૦ હજારથી વધુ કાર્યકરો બેઠકમાં જોડાયા હતા. ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાત પ્રદેશ દ્વારા સૌ પ્રથમ વખત એક સાથે ૫૭૯ સ્થળોએ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચૂંટાયેલા પદાધિકારીઓ, ધારાસભ્યો, સાંસદો, નગર પાલિકા/જિલ્લાના પંચાયતના પ્રમુખો/સભ્યો દ્વારા કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ બેઠકમાં પેજ કમિટિને લઈ, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ સહિત સંગઠનાત્મક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નમો એપ પર ડોનેશનની સ્કીમ પર વધુમાં વધુ કાર્યકરો ડોનેશન કરે તે અંગે ચર્ચા કરવામાં આવી અને આગામી ૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ વાગે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ ગુજરાત પ્રદેશના પેજ કમિટિના સભ્યો સાથે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમ અંતર્ગત કાર્યકરો નમો એપ ડાઉનલોડ કરી રજીસ્ટ્રેશન કરે તે બાબતે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

# સેક્ટર-૩૦ સર્કલ પાસે બિનવારસી કારમાંથી દેશી દારૂ મળ્યો

ગાંધીનગર, તા. ૨૦

સાબરમતિ બ્રિજથી સેક્ટર-૩૦ સર્કલ તરફ જવાના માર્ગે નદીના કોતરો બાજુમાંથી બિન વારસી કાર મળી આવી હતી. એલસીબી પોલીસે કારમાં તપાસ કરતા રૂ.૩૦૦ ની કિંમતનો ૧૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સેક્ટર-૩૦ સર્કલ પાસે આવતા હે.કો.અશ્વિનસિંહને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે સાબરમતિ બ્રીજથી સેક્ટર-૩૦ સરકલ તરફ જવાના માર્ગ નદીના કોતરો તરફ બિન વારસી અલ્ટો કાર દારૂ ભરેલી પડી છે.જેને પગલે સ્થળ પર જઈ ચેક કરતા અલ્ટો કાર બિનવારસી મળી આવી હતી. આ કારની પાછળ કોઈ નંબર પ્લેટ લગાડી ન હતી. જયારે આગળના ભાગે જી.જે.૦૧.એચ.બી.-૧૦૬૩ નંબર લખેલો હતો. કારમાં ચાવી હોવાથી એન્જીન નંબર તેમજ ચેસીસ નંબર ચેક કર્યો હતો.જયારે ગાડીની ડેકીમાંથી ૧૫ લીટર દેશી દારૂ કિં.૩૦૦ નો મળી આવ્યો હતો. જયારે આ ગુનાની તપાસ હે.કો.અશ્વિનસિંહે શરુ કરી હતી. અલ્ટો કાર નં. જી.જે.૦૧.એચ.બી.-૧૦૬૩ નંબર ઈ ગુજકોપ પર તપાસ કરતા આરટીઓ પાલનપુર ટ્રાન્સફર થયું હતું. જયારે કાર માલિક કંબોઈ ગામના હતા. જયારે કાર માલિકે પાંચ વર્ષ પહેલા પાલનપુરથી ગાડી વ્હીલ એલાઈમેન્ટવાળા પાસેથી રૂ.૬૩ હજારમાં ખરીદી હતી. ત્યારબાદ કાર હાલ પણ પોતાની પાસે હોવાના કાગળો રજુ કર્યા હતા. અલ્ટો કાર જી.જે.૦૧.એચ.બી.-૧૦૬૩ નંબર પ્લેટ ખોટી લગાવી હોવાનું માલુમ પડ્યું હતું. જયારે કારના એન્જીન અને ચેસીસ નંબરના આધારે કારનો નંબર આર.જે.૦૨.સી.સી.-૬૫૬૫ હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે કાર માલિક રાજસ્થાનના ચુરૂના હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે પોલીસે અલ્ટો કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પૂર્વ પતિ હેરાન પરેશાન કરતા મહિલાએ પોલીસ મથકે ફરીયાદ કરી

ગાંધીનગર, તા.૨૦

ન્યું ગાંધીનગર વિસ્તારમાં રહેતા એક શિક્ષિકાને જાહેરમાં પૂર્વ પતિએ ઉભા રાખીને બિભત્સ ચેનચાળા કરીને મારી પાસે પાછી આવી જા નહીં તો બદનામ કરીને તને તેમજ તારી દિકરીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા શિક્ષિકાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર વિસ્તારમાં રહેતા શિક્ષિકાના લગ્ન વર્ષ ૨૦૦૨ માં હિન્દુ ધાર્મિકવિધી અનુસાર સેક્ટર-૧૩ ખાતે રહેતા યુવક સાથે થયા હતા.લગ્ન બાદ શિક્ષિકાએ વર્ષ ૨૦૧૩માં દિકરીને જન્મ આપ્યો હતો. જે તે સમયે બંન્નેનું પ્રારંભિક લગ્ન જીવન ખુબ સરસ રીતે ચાલી રહ્યું હતું. પરંતુ જેમ સમય પસાર થતો ગયો તેમ ઝઘડાઓ શરુ થવા લાગ્યા હતા. સંસારમાં બોલાચાલી વધતા બંન્નેએ છુટાછેડા લેવાનું નક્કી કર્યું હતું. ત્યારબાદ અમદાવાદની કોર્ટમાં વર્ષ ૨૦૧૬માં તે બંનેએ છુટાછેડા લીધા હતા. જયારે દિકરીની કસ્ટડી તેની માતા પાસે હતી. જયારે શિક્ષિકાને છુટાછેડા બાદ પણ પૂર્વ પતિ વર્ષ૨૦૧૭માં પરેશાન કરીને ધમકી આપતા અગાઉ પણ પોલીસ મથકે મહિલાએ અરજી કરી હતી. ત્યારબાદ બંન્ને વચ્ચે સમાધાન થઈ ગયુ હતું. પરંતુ છેલ્લા બે માસથી પૂર્વ પતિ મહિલાનો પીછો કરી માર્ગમાં આંતરી ગમે તેમ ચેનચાળા કરી અડપલા કરી હેરાન પરેશાન કરતો હતો. મહિલાને તેનો પૂર્વ પતિ મારી પાસે પાછી આવી જા નહી તો તેને બદનામ કરીને નોકરી કરવા લાયક રહેવા નહી દઉં. જેથી પૂર્વ પતિની વારંવારની હેરાનગતિથી કંટાળી મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ તેજ કરી છે.

# કલોલ કોલેજમાં એનએસએસના વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા



ગાંધીનગર, તા. ૨૦


કલોલ વખારીયા કેમ્પસમાં આવેલ કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત પી.એચ.જી. મ્યુનિ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે મોટી ભોંયણ ખાતે આવેલ જે.કે. લક્ષ્મી સિમેન્ટ લિમિટેડના સહયોગથી કરેલ કોરોના વેક્સિન સર્વે, ખેડૂત અને ખેતી, સ્વચ્છ ભારત અભિયાન, વ્યસનમુક્તિ અને પ્લાસ્ટિક મુક્ત ભારત, મહિલા જાગૃત્તિ, અંધશ્રદ્ધા નાબુદી, પર્યાવરણ જાગૃતિ વગેરે કાર્યક્રમો દ્વારા ગામડાઓમાં જન જાગૃતિ અભિયાન કરવા બદલ ૫૦ સ્વયંસેવકોને ટ્રોફી અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજ્યો હતો. મંડળના ટ્રસ્ટી અને મંત્રી પ્રફુલભાઈ તલસાણીયાના માર્ગદર્શન હેઠળ કોલેજ કેમ્પસમાં આચાર્ય ડૉ. કે.સી. દેસમુખ અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. એચ.કે. સોલંકી દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જે.કે. લક્ષ્મીના જનરલ મેનેજર સંજીવ મિશ્રા અને હેડ નારણ બારડે હાજર રહી ટ્રોફી અને સર્ટિફિકેટ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સરકારની કોરોના ગાઈડલાઈનનું પાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશભાઈ પટેલે કર્યુ હતુ. મોટી ભોયણ ગામના સરપંચ નટુભાઈ ઠાકોર, પ્રહલાદભાઈ ઠાકોર, દશરથભાઈ ઠાકોર વગેરે તરફથી વિદ્યાર્થીઓને ઈનામો આપ્યા હતા.

# આઈઆઈટી ગાંધીનગરની દેશભરના વિજ્ઞાન જ્યોતિ સ્કોલર્સ માટે 'સ્પાર્કલ સિરીઝ

**સ્પાર્કલ સિરીઝ વિજ્ઞાન અને ગણિતના અભ્યાસક્રમના વિષયોને વિવિધ હેંડ્સ-ઓન પ્રવૃત્તિઓ અને ઓપન-એન્ડેડ અનુભવાત્મક શિક્ષણ સાથે આવરી લેશે**

ગાંધીનગર, તા.૨૦

દેશના અંતરિયાળ ભાગોમાંથી ઉચ્ચત્તર માધ્યમિકની યુવા વિદ્યાર્થીનીઓને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત એટલે 'સ્ટેમ' વિશે ઉત્સાહિત કરવાના કેન્દ્રિત પ્રયાસરૂપે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન આઈઆઈટી-ગાંધીનગર ખાતે સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ અને અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશને સમગ્ર દેશમાં જવાહર નવોદય વિદ્યાલયની ધોરણ ૧૧ની વિજ્ઞાન જ્યોતિ સ્કોલર્સ માટે ઓનલાઈન ઈન્ટરેક્ટિવ એજ્યુકેશન પ્રોગ્રામ 'સ્પાર્કલ સિરીઝ્લ શરૂ કરવા હાથ મિલાવ્યા છે.




આઈબીએમ ઈન્ડિયા દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ આ નવ-એપિસોડની શ્રેણી, દેશભરના ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૨૦૦ જિલ્લાઓમાં ૨૦૦ જવાહર નવોદય વિદ્યાલયોમાં લગભગ ૧૦હજાર વિજ્ઞાન જ્યોતિ વિદ્યાર્થીનીઓ સુધી પહોંચે તેવી અપેક્ષા છે. તા.૨૨ જાન્યુઆરીથી શરૂ કરીને, 'સ્પાર્કલ સિરીઝ્લ દર શનિવારે સીસીએલની યુટ્યુબ ચેનલ પર બપોરે ૩ થી ૪.૩૦ વાગ્યા દરમિયાન લાઈવ-સ્ટ્રીમ કરવામાં આવશે. 'સ્પાર્કલ સિરીઝ્લનો હેતુ છે કે રોજિંદા જીવનમાંથી આ વિષયોના છુપાયેલા રહસ્યો, સુંદરતા અને જાદુને ઉજાગર કરીને યુવાનોને 'સ્ટેમ' વિશે ઉત્સાહિત કરે.

# ટીંટોડા ગામે નવા ચૂંટાયેલા ગ્રામ સદસ્યોએ ગટર સફાઈ અભિયાન છેડ્યું



ગાંધીનગર તા. ૨૦

ગટરો ઉભરાવાની સમસ્યા એ માત્ર શહેરોનો ઈજારો નથી પરંતુ કેટલાંક ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ સમસ્યા જોવા મળી રહી છે. તાજેતરમાં રાજ્યભરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ સંપન્ન થઈ હતી આ અંતર્ગત ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે નવા ચુંટાયેલા ગ્રામ સદસ્યો રેખાબેન મુકેશજી ઠાકોર, મુન્નીબેન શૈલેન્દ્રજી ઠાકોર, હિરલ યોગેશજી ઠાકોર, જુગાજી રાજુજી ઠાકોર, શારદાબેન કલાજી ઠાકોર અને હર્ષદ ઠાકોર દ્વારા પોતાના પદનો વહીવટ સંભાળતાની સાથે જ ગામમાં નેતૃત્વ લઈને પ્રજાલક્ષી કાર્યો હાથ પર લેવાનું શરૂ કરી દીધું છે જે અંતર્ગત સૌથી પહેલાં ગામની ઉભરાતી ગટરોને સાફ કરવાનું સફાઈ અભિયાન આરંભ્યું હતું. યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલી આ કામગીરીમાં ગામની તમામ ગટરલાઈનોની સફાઈ કરાવીને તેની નિયમિત સફાઈ માટે અને સમગ્ર ગામને વિકાસની દિશામાં આગળ વધારવા પ્રયાસો કરાવાની નેમ વ્યકત કરી હતી.

# જયોતિ મહિલા મંડળ દ્વારા વાનગી સ્પર્ધા




ગાંધીનગર, તા.૨૦

જયોતિ મહિલા મંડળ દ્વારા નગરની બહેનો માટે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦૦થી વધુ બહેનો ઉપસ્થિત રહી હતી. લીલા શાકભાજી બાળકો બહુ જલ્દી આરોગતા નથી તે દિશામાં જાગૃતિ કેળવાય અને લીલા શાકભાજીનો વિવિધ વાનગીમાં ઉપયોગ કરીને બાળકોની તંદુરસ્તી સચવાય, ફાઈબરનો વ્યાપક ઉપયોગ શાકભાજી દ્વારા થવાથી પાચનશકિત વિકસે તે માટે માતાઓને અપીલ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે દક્ષાબેન ઠકકર, બીજા ક્રમે નીલીમાબેન ભટ્ટ, ત્રીજા ક્રમે જાગૃતિબેન પરીખ રહ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પરમજીત છાબડા અને ડૉ. વંદનાબેન મેવાડાએ સેવાઓ આપી હતી. વાનગી સ્પર્ધામાં વિવિધ કૃતિઓ સામગ્રી, સ્વાદ અને ડેકોરેશનમાં મંત્રમુગ્ધ થઈ જવાય તેવી અવનવી વાનગનીઓ બનાવી હતી. ઈનામ વિતરણ કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખ ડૉ.ચેતના અરૂણ બુચે બહેનોમાં રહેલી શકિતઓને ઉજાગર કરવા પર ભાર મૂકયો હતો. મુખ્ય મહેમાન રક્ષિતાબેન ઉપાધ્યાયે સમગ્ર કાર્યક્રમની સરાહના કરતા જણાવ્યું હતું કે દરેક પળ આપણા માટે નવી હોય છે. આવા કાર્યક્રમોનું આયોજન બહેનોમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવી એક પ્લેટફોર્મ પુરું પાડે છે. ઉપપ્રમુખ નીરૂબેન નાયક, સેક્રેટરી હર્ષાબા ધાધલ, કિન્નરી દવે, જયોતિ ઠકકર, મીનાબેન શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલનો ખૂબ સુંદર સહયોગ સાંપડયો હતો તેમજ હાર્દિકભાઈ પટેલ દ્વારા કચરા વ્યવસ્થાપન વિશે સુંદર સમજુતી આપવામાં આવી હતી.